
જૂન ૨૦૧૧

કિંમત રૂ. ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## હિંસા



# અક્રમ એક્સપ્રેસ

બાળમિત્રો,

'હું તને જોરથી એક મારી દઈશ.' આવું તો આપણે કેટલીયે વાર આપણા ભાઈ-બહેનને કે મિત્રોને કહ્યું હશે. કેટલીક વાર માર્યું પણ હશે ! કેટલીય વાર કીડી-મંકોડા કે વાંદાને પકડીને એમને હેરાન કર્યા હશે કે મારી નાખ્યા હશે ! ક્યારેય વિચાર્યું છે કે બીજાને હેરાન કરવાથી, દુ:ખ દેવાથી કે મારી નાખવાથી એને કેટલું દુ:ખ થતું હશે ? આપણને કોઈ મારે તો આપણને કેવું થાય ? કોઈને મારવાનો આપણને કેટલો અધિકાર છે ? તમને ખબર છે, જેટલા જેટલા ભગવાન થયા છે એ બધા અહિંસાને માર્ગે ચાલ્યા હતા.

હિંસા કોને કહેવાય ? હિંસા શા માટે ન કરાય ? અહિંસાના ફાયદા શું છે ? હિંસા કરવાનો અધિકાર કોને છે ? આ બધાની સુંદર સમજણ પરમ પૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં આપી છે.

આમ તો હિંસા મન, વાણી અને વર્તન એમ ત્રણેવ રીતે હોય છે. પણ આ અંકમાં આપણે ફક્ત વર્તનથી થતી હિંસાને સમજીશું.

તો ચાલો, આપણે હિંસા-અહિંસા વિશે સમજીએ અને અહિંસાના માર્ગે આગળ વધીએ.

– ડિમ્પલ મહેતા


તંત્રી તથા સંપાદક :
ડિમ્પલ મહેતા
વર્ષ : 3, અંક : ૧૦
સળંગ અંક : ૩૪
જૂન ૨૦૧૧



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ: (૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: ૭૮૫-૨૭૧-૦૮૬૯
U.K.: ૦૭૯૫૬૪૦૬૨૫૩
Website: kids.dadabhagwan.org



Printed, Published and Owned by :
Dimple Mehta on behalf of Mahavideh Foundation
5, Mamtapark Society, Bh. Navgujarat College, Usmanpura, Ahmedabad-14.
Published at Mahavideh Foundation
5, Mamtapark Society, Bh. Navgujarat College, Usmanpura, Ahmedabad-14.
Printing Press:-
Amba Offset
Basement, Parshvanath Chambers, Nr.RBI, Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૭૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.


## અનુક્રમણિકા

# હિંસા


દાદાજી કહે છે ૧
ઉત્તરાયણ ૨
આ તો નવી જ વાત ! ૪
સેવાગ્રામ આશ્રમ ૬
તમારી જાતને ચકાસી જૂઓ ! ૯
ઐતિહાસીક ગૌરવગાથાઓ ૧૦
મીઠી યાદેં ૧૨
બાળકો સાથે નીરુમા ૧૩
ચાલો રમીએ... ૧૪
ક્રીએટીવ રાઈટીંગ સ્પર્ધાનું પરિણામ ૧૫

# દાદાજી કહે છે...

પ્રશ્નકર્તા : હિંસા એટલે શું ? હિંસા કોને કહેવાય?

દાદાશ્રી : જીવોને મારવા એ હિંસા છે. માંસાહાર કરવો એ હિંસા છે. સામાને દુઃખ થાય ને તે હિંસા છે. એટલે જ્યાં હિંસા છે. ત્યાં ધર્મ જેવું કશું જ નથી. આ નર્યા જીવો જ મરી રહ્યા છે, કોઈ પણ જીવને મારે તો હિંસા કરી કહેવાય. 'માર' શબ્દ આવ્યો તો હિંસા કરી કહેવાય.



તમનો મારવાનો અધિકાર કેટલો છે એ તમને કાયદેસર રીતે સમજાવું. જે તમે બનાવી શકો છો, તેને મારવાનો તમને અધિકાર છે. જે તમે બનાવી ના શકતા હો તો તેને મારવાનો તમને અધિકાર નથી. આ ખુરશી તમે બનાવી શકો છો, તે ખુરશી તમે ભાંગી શકો છો. કપ-રકાબી બનાવી શકો છો તો તેને પણ ભાંગવાનો તમને અધિકાર છે. પણ જે બનાવી શકાય નહીં, તે મારવાનો તમને અધિકાર નથી. આ જગતમાં કોઈ પણ માણસ એક માકણ પણ પોતે બનાવી આપે તો પછી એને મારી શકે.

પ્રશ્નકર્તા : પણ આ મચ્છરો બહુ ત્રાસ આપે છે.

દાદાશ્રી : તમારે બચવું હોય તો તમે મચ્છરદાની રાખો, બીજું રાખો, બીજાં સાધનો કરો, પણ એને મારવું એ ગુનો છે.

પ્રશ્નકર્તા : કહેવાય છે કે માંસાહાર કરવાથી નર્કગતિ થાય.

દાદાશ્રી : એ વાત તદ્દન સાચી છે અને ખાવાની બધી બહુ ચીજો છે. શું કરવા બકરાને કાપો છો ? મરઘીને કાપીને ખાય છે તો એને ત્રાસ નહીં થતો હોય ? એનાં મા-બાપને ત્રાસ નહીં થતો હોય ? તમારા છોકરાને ખાઈ જાય તો શું થાય ? એક જ દહાડો માંસાહાર ખાવાથી તો માણસનું મગજ ખલાસ થઈ જાય! પશુ જેવા થઈ જાય!! એટલે મગજ જો સારું રાખવું હોય તો ઈંડાં ખાવાનું બંધ કરી દેવું જોઈએ, માંસાહાર બંધ કરી દેવો જોઈએ.

પ્રશ્નકર્તા : એ અહિંસા પાળવાનો ઉપાય બતાવો.

દાદાશ્રી : એક તો, જે જીવ આપણાથી ત્રાસ પામે તેને દુઃખ નહીં આપવું, તેને ત્રાસ નહીં આપવો. ઘઉં છે, બાજરી છે, ચોખા છે, એને ખાવ, એનો વાંધો નથી. એ આપણાથી ત્રાસ નથી પામતા, એ બેભાનપણે છે અને આ કીડી-મંકોડાં એ તો દોડી જાય છે, એને ના મરાય. જે હલનચલન કરે છે એવા જીવોનું નામ ના દેવાય. માકણનેય તમે પકડો તો એને ત્રાસ થઈ જાય. તો તમે એને મારશો નહીં. આપણાને જેવું દુઃખ થાય એવું બીજાનેય થાય.

જેને જીવડાં મારવા છે એને મારવાના સંયોગ મળી આવે અને જેને નથી મારવા એને ન મારવાના સંયોગ મળી આવે. એટલે તમે હિંસકને બદલે અહિંસક રહેશો, તો હિંસાના સંજોગ જ તમને ભેગા નહીં થાય એવું આ જગત છે.

માટે આપણે હવે કોઈને દુઃખ ના થાય, જાનવરને - નાના જીવડાંને દુઃખ ના થાય એવી રીતે વર્તન રાખવું.

'મારા મનથી, વાણીથી કે વર્તનથી કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન હો' આવો ભાવ હોય એ મોટામાં મોટો અહિંસક કહેવાય. માટે રોજ સવારે આ ભાવના ભાવવી.



# ઉત્તરાયણ


આજે ઉત્તરાયણનો દિવસ હતો. આમ તો સાહિલની ઉત્તરાયણ એક મહિના પહેલા જ શરૂ થઈ ગઈ હતી. પણ આજના દિવસનો ઉત્સાહ તો કંઈક ઓર જ હતો ! સાહિલે એની સ્કૂલના ઘણાં મિત્રોને ઉત્તરાયણ ઉજવવા પોતાની અગાસી પર આવવા આમંત્રણ આપ્યું હતું. આઠ વાગ્યામાં તો એની સ્કૂલની ટોળી આવી પહોંચી. આજુબાજુની અગાસી પણ બાળકો અને યુવાનોથી ભરાઈ ગઈ હતી. થોડી જ વારમાં આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ ગયું. વાતાવરણ 'કાપ્યો છે, એ....લપેટ'ના અવાજોથી ગુંજી ઉઠ્યું.

અગાશીના એક ખૂણામાં સીડી પ્લેયર વાગતું હતું. બીજા ખૂણામાં પતંગોના ઢગલાં ને દોરાના ગુંચ્છડાઓ પડ્યા હતા. સાહિલના પાડોશી મંજુમાસી છાંયડામાં બેસીને દોરાનો ગુચ્છો ઉકેલી પતંગની કિન્યા બાંધતા હતા. જરૂર પડે તો છોકરાઓની ફીરકીઓ પણ પકડતા. છોકરાઓ જ્યારે નવી પતંગ લેવા આવે ત્યારે મંજુ માસીએ બનાવેલી તલની ચીકી મોઢામાં મુકતા જતા.

આમ મોજ મસ્તીમાં દિવસ પસાર થઈ રહ્યો હતો. સાંજના ચાર-પાંચ વાગ્યા ત્યાં તો સાહિલનો મિત્ર તરંગ બાજુની બેકરીમાંથી ચોકલેટ, કેક, વેફર્સ અને કોલ્ડ્રીંક્સ લઈ આવ્યો. સાહિલે કેકના પીસીસ (નાના કટકા) કરી એક પીસ મંજુમાસીને આપ્યો. "પણ બેટા, આ કેકમાં તો ઈંડાં હશે. આ બેકરીવાળો તો ઈંડાવાળી કેક બનાવે છે ને ?" માસીએ પૂછ્યું. "અરે માસી, કેક તો ઈંડાંવાળી જ ટેસ્ટી લાગે. ઈંડા તો ખવાય. તેમાં જીવ ના હોય. તે વેજીટેરિયન (શાકાહારી)જ કહેવાય." સાહિલે મસ્તીમાં હસતા હસતા કહ્યું. પણ મંજુમાસીનો ગંભીર ચહેરો જોઈને સાહિલના મોઢા પરનું હાસ્ય ઊડી ગયું. "સાહિલ, આ જગતમાં જીવ વગરનું તો કશું ખવાય જ નહીં. ઈંડામાં જો જીવ ના હોત તો ઈંડું પણ ના ખવાત, એ જડ વસ્તુ ગણાત." મંજુમાસીએ ગંભીરતાથી સમજાવતા કહ્યું.

સાહિલના ગળે વાત તો ઉતરી પણ છતાંય એણે દલીલો ચાલુ જ રાખી, "પણ અમારી

**"પણ બેટા, આ કેકમાં તો ઈંડાં હશે"**





## "સાહિલ ઝાડ પર ચડી ગયો"

સ્કૂલમાં શીખવાડ્યું હતુ કે ઈંડામાંથી ખૂબ પ્રોટિન મળે."

"અરે, પ્રોટિન માટે તો કંઈ ઈંડાં ખવાતા હશે ? હમણાં તે જે ચીકી ખાધીને એ તલમાંથી પણ ખૂબ પ્રોટિન મળે. આપણાથી કોઈ જીવની હિંસા કેવી રીતે કરાય ? ભગવાને કહ્યું છે કે જે જીવ તમારાથી ત્રાસ પામતો હોય, ભય પામતો હોય, એને મારો નહીં, એને ખાવ નહીં, એને કશું જ ના કરો. ઈંડા ત્રાસ પામતા નથી પણ ઈંડામાં અંદર જે જીવ રહ્યો છે ને, એ બેભાન અવસ્થામાં છે. એ ફૂટે ત્યારે..." મંજુમાસીનું વાક્ય પૂરું થાય એ પહેલા તો નીચેથી બૂમો સંભળાવા લાગી. સોસાયટીનાં અમુક લોકો એક ઘટાદાર વૃક્ષ નીચે એકઠા થઈ ગયા. સાહિલ અને એના મિત્રો પણ નીચે દોડી ગયા. જોયું તો એક પંખી ઝાડમાં એક પતંગના દોરામાં લપેટાઈ ગયું હતું. તેણે ઉડવાના ઘણા પ્રયત્ન કર્યા પણ તે વધારે ને વધારે ફસાતું જતું હતું. સાહિલના એક મિત્રે તેને કાઢવાનો પ્રયત્ન કર્યો પણ તે નિષ્ફળ રહ્યો.

સાહિલે ઝાડ પર ચડી ગયો. પંખી ભયભીત થઈ ગયું હતું. એનો ભય જોઈ સાહિલનું હૃદય ભરાઈ આવ્યું. એ ધીમેથી દોરાની ગૂંચ ઉકેલવા લાગ્યો. એની નજર પંખીના માળા પર પડી. એમાં એક નાનકડું ઈંડું હતું. એવું લાગતું હતું કે જાણે પંખી એના માળામાં રહેલા પોતાના બચ્ચા પાસે જવા તત્પર હતું. આખરે સાહિલની મહેનત રંગ લાવી. પંખીને દોરામાંથી છોડાવ્યું. બધાને 'હાશ' થઈ. પંખી ઝટપટ પોતાના ઈંડાં પાસે ઊડી ગયું. પંખીની તરફડામણ અને એની પોતાના ઈંડા માટેની લાગણી જોઈને સાહિલને મંજુમાસીના શબ્દો યાદ આવ્યા. એને સમજાયું કે ઈંડામાં એનું બચ્ચું જીવી રહ્યું છે. પોતાના સુખ માટે કોઈ જીવની હિંસા કેવી રીતે કરાય ? પોતાની મજા માટે બીજાને સજા કેવી રીતે અપાય ? સાહિલને ઈંડાવાળી કેક ખાવાનો રસ ઊડી ગયો અને એનું હૃદય પશ્ચાતાપથી ભરાઈ ગયું.

મંજુમાસીએ આ આખું દૃશ્ય અગાસી પરથી જોયું. સાહિલ અને એના મિત્રો ફરી અગાસી પર ચડ્યા. કેક તો જાણે એમની રાહ જોઈને ત્યાં બેઠી હતી. પણ સાહિલ અને એના મિત્રોએ તો ચીકીના ડબ્બા પર જ આક્રમણ કર્યું. આ જોઈ મંજુમાસીના મોઢા પર સ્મિત ફરકી ઊઠ્યું. એ બોલી ઊઠ્યા, "આજથી યાદ રાખજો કે રમો પણ કોઈ જીવની હિંસા નથી થતીને!" એટલું ધ્યાન રાખજો.



# આ તો નવી



જીવમાત્રમાં ભગવાન રહેલા છે. કોની હિંસા કરશો ? કોને દુઃખ દેશો ? દા.ત. કોઈ પણ મનુષ્યને, પશુ પંખીને, જીવ જંતુને કોઈ પણ પ્રકારે હેરાન કરીએ, એને દુઃખ દઈએ એ હિંસા જ કરી કહેવાય.


હવે નિયમ એવો છે કે તમે લાખ માકણ બહાર નાખી આવો ને, પણ આજે રાત્રે સાત કૈડવાના હોય તો સાત કૈડ્યા વગર રહેવાના નથી. તમે મારી નાખશો તો યે સાત કૈડશે, ઘરની બહાર નાખી આવશો તો યે સાત કૈડશે, દૂર નાખી આવશો તો યે સાત કૈડશે ને કશું નહીં કરો તો યે સાત કૈડશે.




# જ વાત



અહિંસા સિદ્ધ થાય તો માણસ ભગવાન થાય.



અહિંસા પાળવાથી બુદ્ધિ બહુ વધે.


સેવા ગ્રામ આશ્રમ
બાપુ, આશ્રમની આજુબાજુ સાપ વધતા જાય છે. બધા એવી વાતો કરતા હતા કે સાપને મારી નાખીએ તો જાનહાનિ બચી જાય. તમે કંઈક માર્ગદર્શન આપો.
આજે સાંજે પ્રાર્થના ખંડમાં વાત કરીશું.
સાંજે પ્રાર્થના ખંડમાં
આફ્રિકાના આશ્રમમાં બનેલો એક પ્રસંગ છે. એ આશ્રમ નદીની નજીક હોવાથી ત્યાં પણ આજુબાજુ સાપ રહેલા હતા. એનાથી બચવા થોડા લોકોએ એમને મારી નાખવાનું નક્કી કર્યું.
એક દિવસ એક ભારતીય વ્યક્તિએ બંદૂકથી એક સાપને મારી નાખ્યો. થોડા દિવસ પછી એ જ આશ્રમના એક યુરોપીયન વ્યક્તિએ એક સાપને આશ્રમમાં ફરતો જોયો.
પહેલા તો એને સાપને મારી નાખવાનો જ વિચાર આવ્યો. પછી તરત જ એને અહિંસાનો સિદ્ધાંત યાદ આવ્યો અને એ શાંત પડી ગયો. સાપ એની નજીક આવ્યો અને ધીમેથી બાજુમાંથી પસાર થઈ બહાર નીકળી ગયો.
જોયું! જેણે કોઈને મારવા જ નથી, દુ:ખ દેવું જ નથી, એની સામે હિંસક પ્રાણીઓ પણ શાંત થઈ જાય છે.



ત્યાર બાદ એક સાંજે બધા પ્રાર્થના ખંડમાં પ્રાર્થના કરતા હતા. ત્યાં તો અચાનક, એક વ્યક્તિએ જોરથી બૂમ પાડી.
કોબ્રા આવ્યો...
ભાગો...
ભાગો...
બધા ગભરાઈને આમતેમ ભાગવા લાગ્યા. ખંડમાં ભયનું વાતાવરણ પ્રસરી ગયું.
ભાગો, ભાગો...
કોઈ ગભરાશો નહીં અને ભાગાભાગી પણ ના કરશો.




જોયું મિત્રો, અહિંસાનો પ્રભાવ !

# તમારી જાતને ચકાસી જૂઓ !

આ અંકમાં આપેલી સમજણનો ઉપયોગ કરીને નીચેનું ક્રોસવર્ડ ભરો.




## આડું

૨) ઘરમાં.................. રાખવાથી જીવ-જીંતુ ન થાય. (૩)

૩) ઘરમાં કીડી, મચ્છર, જીવ-જંતુ થઈ ગયા હોય તો, એમની અંદર બેઠેલા શુદ્ધાત્માને.................. કરવાની કે, "અમારે તમારી હિંસા નથી કરવી. તમે અહીંયાથી ચાલ્યા જાવ." (૩)

૫) ભૂતકાળમાં થઈ ગયેલી હિંસા માટે ................ કરવું. (૫)

૭) હિંસાનું પરિણામ ભયંકર .............. બંધાય છે. (૨)

## ઊભું


૧) આપણે હિંસકને બદલે ...............રહીશું, તો હિંસાના સંજોગ જ આપણને ભેગા નહીં થાય એવું આ જગત છે. (૪)

૪) જે તમે ......... ના શકતા હો, તો તેને મરાવાનો તમને અધિકાર નથી. (૩)

૬) એક જ વખત માંસાહાર કરવાથી માણસનું ........... ખલાસ થઈ જાય. (૩)

૮) ......... શબ્દ આવ્યો, તો હિંસા કરી કહેવાય. (૨)

## મારી સમજણ



પંખીલને એના ક્લાસનો એક છોકરો વારંવાર ચીડવતો. પંખીલને ઘણી વાર થતું કે એને બરાબરનો પાઠ ભણાવી દઉં, પણ કોઈને દુઃખ દેવા માટે એનું દિલ રાજી ન થતું. એક દિવસ એના મિત્ર વિશાલે એને ઉશ્કેર્યો, "તારી જગ્યાએ હું હોત તો મેં ક્યારનોય એને ઠોકીને સીધો દોર કરી નાખ્યો હોત."

આ સંજોગોમાં પંખીલે શું કરવું જોઈએ ?

## ઐતિહાસિક ગૌરવગાથાઓ


આગલા અંકમાં આપણે જોયું કે કમઠે અપમાનિત થયા બદલ મરુભૂતિ સાથે વેર બાંધ્યું. દસ ભવ સુધી એ વેર ચાલ્યું. દરેક ભવમાં કમઠનો જીવ મરુભૂમિના જીવને મારી જ નાખે. આમ દસમા ભવમાં મરુભૂતિનો જીવ પાર્શ્વનાથ ભગવાન તરીકે જન્મ્યા અને કમઠ તાપસ તરીકે જન્મ્યો. બધાને જતા જોઈ પાર્શ્વકુમાર કમઠ પાસે જાય છે. હવે આગળ...

કમઠ મોટી અગ્નિ પ્રગટાવીને બેઠો હતો. ઘણા લાકડા એમાં સળગી રહ્યા હતા. એક મોટું લાકડું થોડુંક બળેલું હતું. એમાં નાગ-નાગણી બન્ને બળવાની તૈયારીમાં હતા. પાર્શ્વકુમારે પોતાના અવધિજ્ઞાનથી આ જોયું. એમણે તાપસને કહ્યું, "હે તાપસ! તારા તપ માટે સળગાવેલ આ લાકડામાં નાગ નાગણી બન્ને બળી રહેલ છે તેનું તને જરાયે ભાન નથી. આવા અજ્ઞાન તપથી આત્મકલ્યાણ શું થવાનું હતું ?" આ સાંભળી કમઠે ક્રોધે ભરાઈને પાર્શ્વકુમારની વાત ખોટી છે એમ લોકોને સમજાવ્યું. પાર્શ્વકુમારે નોકર પાસે નાગવાળા બળતા લાકડાને અગ્નિમાંથી ખેંચી કઢાવી, લાકડાને ચીરીને તેમાંથી નાગનું જોડલું બહાર કાઢ્યું. પણ બન્ને મરવાની તૈયારીમાં જ હતા. પાર્શ્વકુમારે એને નવકાર મંત્ર સંભળાવી એની ગતિ સુધારી. એ નાગ-નાગણી મૃત્યુ પામી ધરણેન્દ્ર દેવ અને પદ્માવતી દેવી થયા.

પોતાના જ ભક્તો સામે જૂઠો પડ્યો અને અજ્ઞાની ઠર્યો તેથી કમઠને આઘાત લાગ્યો. સખત તપ કરીને, આયુષ્ય પૂર્ણ કરી એ દેવલોકમાં મેઘમાળીદેવ તરીકે જન્મ્યો.

આ બાજુ પાર્શ્વકુમારે દીક્ષા લીધી. વિચરતા વિચરતા તેઓ એક ગામ નજીક આવી પહોંચ્યા અને ત્યાં એક ઘટાદાર વડ વૃક્ષની નીચે ઊભા રહી કાયોત્સર્ગ (ઊભા રહીને તપ કરવું) દશામાં ઊભા રહી ગયા.

મેઘમાળીએ પોતાના અવધિજ્ઞાનથી પ્રભુને વડ વૃક્ષ નીચે કાયોત્સર્ગમાં ઊભેલા જોયા. એને પ્રભુ પ્રત્યે દ્વેષભાવ ઊભો થયો. પૂર્વનું વેર જાગી ઊઠ્યું. પ્રભુ પાસે જઈ એણે હાથી, સિંહ વગેરે નાના-મોટા રૂપો ધારણ કરી પોતાનાથી અપાય એટલાં ભયંકર દુઃખો આપ્યા પણ પ્રભુ કોઈ રીતે ડગ્યા નહીં. કોઈ રીતે જ્યારે પોતાના પ્રયત્નમાં સફળતા ન મળી ત્યારે મેઘમાળીએ ગાજવીજ સહિત મૂશળધાર વરસાદ વરસાવવાનો શરૂ કર્યો. વરસાદ એટલા જોરથી વરસાવ્યો કે પશુ-પક્ષીઓ વગેરે ત્રાસી જઈ અકાળે મૃત્યુ પામવા લાગ્યા.



છતાં પ્રભુ ન ડગ્યા. છેવટે પ્રભુના કાન સુધી પાણી આવી ગયું અને આગળ વધી નાકની અણી સુધી પહોંચ્યું. છતાં પ્રભુ તો અડગ જ રહ્યા.

આ બાજુ ધરણેન્દ્ર દેવ, જેમને પ્રભુએ બળતા લાકડામાંથી બચાવ્યા હતા એમણે અવધિજ્ઞાનમાં જોયું કે મેઘમાળી પ્રભુ ઉપર ભારે ઉપસર્ગ કરી રહ્યો છે. ધરણેન્દ્ર દેવે આવીને પ્રભુ નમન કરી સુવર્ણકમળ બનાવી તેમાં પ્રભુને અદ્ધર લઈ લીધા અને પદ્માવતી દેવીએ સાત ફેણનું છત્ર કરી પ્રભુ પર ધર્યું. ધરણેન્દ્ર દેવે મેઘમાળીને કહ્યું, "હે દુષ્ટ! આ તે શું કરવા માંડ્યું છે? લાકડા સાથે તું જ્યારે નાગને બાળી રહ્યો હતો ત્યારે આ જ પ્રભુએ તને એ પાપમાંથી બચાવ્યો હતો. એમનો ઉપકાર માનવાને બદલે તું પ્રભુ ઉપર વેરથી આ શું કરી રહ્યો છે, તેની તને ખબર છે ? એમના ઉપકારનો આ બદલો ! તારે દુઃખથી બચવું હોય તો પ્રભુની ક્ષમા માંગી એમના શરણે જા."

મેઘમાળીએ ધરણેન્દ્રની વાત સાંભળી. એને પોતાની ભૂલ સમજાઈ. પ્રભુ ધારે તો એમની એક મુઠ્ઠીના પ્રહારથી પર્વતોના ભૂક્કા બોલાવી નાખે તેવી શક્તિ ધરાવે છે. છતાં તેના ઉપર દ્વેષ કરતાં નથી, તેવું મેઘમાળીને ભાન થયું. તરત એણે પોતાની મેલી વિદ્યા સમેટી લીધી અને પ્રભુને નમીને માફી માંગી.

પ્રભુ તો ધ્યાનમાં જ હતા. ધરણેન્દ્ર દેવે એમને મૂશળધાર વરસાદથી બચાવ્યા છતાં એમના ઉપર જરાય રાગ ના થયો અને મેઘમાળીએ પ્રભુ પર આટલા ઉપસર્ગ કર્યા (દુઃખ દીધા) છતાં દ્વેષ ના થયો. બન્ને પ્રત્યે પ્રભુ વીતરાગ જ હતા. પ્રભુની આ વીતરાગતાના કારણે જ એ ભવમાં એમના વેરના કર્મો પૂરા થયા.

વિહાર કરતાં કરતાં પ્રભુએ જ્યારે એમનું આયુષ્ય પૂરું થવા આવ્યું છે એ જાણ્યું ત્યારે સમેતશિખર પર્વત પર પધાર્યા અને ત્યાંથી નિર્વાણ પામી મોક્ષે ગયા.



# મીઠી યાદ

૧૯૯૧ની વાત છે. એક ભાઈએ નવું નવું જ્ઞાન જ્ઞાન લીધેલું. ઉંમર ફક્ત ૨૦ વર્ષ. સત્સંગમાં કાયમઆવતા થઈ ગયા હતા. બ્રહ્મચર્યના ભાવવાળા હતા. એમના કુટુંબવાળાએ નક્કી કર્યું કે આપણે ફોરેન ફરવા જઈએ. બધાએ હોંગકોંગ, સિંગાપુર, બેંગકોંક, પટાયા વગેરે જગ્યાએ જવાનું નક્કી કર્યું. પેલા ભાઈએ જ્ઞાન લીધેલું એટલે એમને ફરવામાં બહુ રસ નહીં પણ કુટુંબીઓના આગ્રહના કારણે તેઓ જવા માટે તૈયાર થયા.

ફરવા જવાનું નક્કી થયું એટલે તેઓ નીરુમાને કહેવા આવ્યા કે, "નીરુમા, હું ફોરેન ફરવા જઉં છું." આ સાંભળી બીજા એક બહેનને મુંઝવણ થઈ કે હમણા હમણા જ્ઞાન લીધેલું છે, સરસ બ્રહ્મચર્ય પાળે છે, એમાં જો ફોરેન ફરવા જશે તો બ્રહ્મચર્ય બગડી જશે. એમણે નીરુમાને કહ્યું, "રજા આપતા પહેલા જરા વિચારજો."

એ ભાઈને નીરુમા જોડે બહુ જ આત્મીયતા થઇ ગયેલી. એ નીરુમા પાસે જઈને પગે લાગ્યા અને એમને પૂછયું, "નીરુમા, થોડા દિવસ માટે જ જાઉં છું. હું ત્યાંથી તમારા માટે શું લાવું ? તમે કહો એ તમારા માટે લઈ આવું." આ સાંભળી નીરુમાએ એમની સામે જોયા જ કર્યું પણ કંઈ બોલ્યા નહીં. પેલા ભાઈએ પાંચ-છ વાર પૂછ્યું પણ નીરુમાએ કશી માંગણી ન કરી. ધીમે રહીને એમની સામે મીઠું હસ્યા અને બોલ્યા, "તું જેવો જાય છે એવો જ તું પાછો આવજે." ભાઈએ નીરુમાના ચરણોમાં ફરી માથું મૂક્યું અને કહ્યું, "નીરુમા, મને તમારી પાસેથી આ જ આશીર્વાદ જોઈતા હતા."

તે પછી એ ભાઈ સિંગાપુર, હોંગકોંગ ઘણી બધી જગ્યાએ ફર્યા. બધી જગ્યાએ મોહનું વાતાવરણ. મોહ ફરી વળે એવા જ સંજોગો હોય પણ એમને નીરુમાનું વાક્ય સતત યાદ આવ્યા કરે કે " તું જેવો જાય છે ને એવો જ પાછો આવજે." આથી એમનો નિશ્ચય દૃઢ થતો જતો હતો કે મારે અહીંના કોઈ મોહમાં કે સુખમાં ફસાવું નથી. હું જેવો આવ્યો છું એવા જ મારે પાછા જવું છે. તેથી તેઓ જ્યાં પણ ફરવા જતા, બીચ ઉપર કે શોપીંગ કરવા માટે, પણ ક્યાંય મોહનું જોર ચાલે જ નહીં. બધે નિર્લેપ જ રહેવાય. અને બધે શુદ્ધાત્મા, શુદ્ધાત્મા જ દેખાયા કરે. બધામાં નીરુમા જ દેખાયા કરે,

પછી ઈન્ડિયા પાછા આવીને સવારના સૌથી પહેલા તેઓ નીરુમા પાસે પહોંચી ગયા અને એમના પગના અંગૂઠે માથું મૂકીને કહ્યું, " નીરુમા, હું જેવો ગયો હતો એવો જ પાછો આવ્યો છું."

આ સાંભળી નીરુમા બહુ રાજી થયા. એમની પીઠ થાબડી ખૂબ આશીર્વાદ આપ્યા.

જોયું મિત્રો, જ્ઞાનીના આશીર્વાદ કેવું અદ્ભુત કામ કરે છે!





# બાળકો સાથે નીરુમા

પ્રશ્નકર્તા : મારા ભાઈ સાથે મારા ખૂબ ઝઘડા થાય છે પછી એ મને મારે છે ત્યારે મને ખૂબ ગુસ્સો આવે છે, અને રડવું પણ આવે છે તો શું કરવું ?

નીરુમા : શેના માટે ઝઘડા થાય છે ?

પ્રશ્નકર્તા : ભાઈને ટ્યુશનમાં જવાનું હતું. એને જે બેગ ગમતી હતી એ જ બેગ મને પણ ગમતી હતી. અમને બન્નેને એ જ બેગ લઈ જવી હતી. ઉપરથી મમ્મીએ પણ મને જ બીજી બેગ લઈ જવા કહ્યું. મેં બેગ આપવાની ના પાડી. એટલે એ અકળાઈ ગયો અને એણે મને માર્યું. હું રીસાઈ ગયો. છેવટે પપ્પાએ કહ્યું કે, વાંધો નહીં, આજનો દિવસ તું આ બેગ લઈ જા, પછી હું તને આવી જ બીજી બેગ અપાવી દઈશ.

નીરુમા : તો આપણે શું આટલો મોહ રાખવાનો ? આ બેગ જોઈએ ને તે બેગ જોઈએ. ચોપડાં જ નાખવાના છે ને ! આપણે પકડ પકડી એટલે પછી આવું બધું થાય. પકડ ના પકડવી. વાળો એમ વળી જાય એવું હોવું જોઈએ. કહે એમ કરી નાખવાનું, તો આ ઝઘડા ના થાય.

પ્રશ્નકર્તા : હા.

નીરુમા : અને આ કંઈ મોટી વાત છે ? આ બેગ લો કે તે બેગ લો, બધું એક જ છે.

પ્રશ્નકર્તા : પણ અમારે પહેલા શું નક્કી થયું હતું કે એ બેગ મમ્મી મારા માટે લાવી હતી અને ભાઈએ કીધું કે હું તને મારું બેટ આપી દઈશ પછી તું તારી બેગ આપ. મેં કીધું, સારું. તો ભાઈ કહે છે કે આ બેગ હવેથી મારી, હું તને નહીં આપુ. તો પછી... એટલે દર વખતે મારે બેગ જોઈતી હોયને તો આવું જ થાય.

નીરુમા : અરે ભાઈ! તારે કહેવાનું કે મારીય બેગ લઈ જા ને તારીય બેગ લઈ જા અને ટ્યુશનમાં મને હઉ લઈ જા. હવેથી એવું ના કરીશ. હવે તું ભઈના પ્રતિક્રમણ કરે છે કે નથી કરતો?

પ્રશ્નકર્તા : ના, મને નથી આવડતું. એટલે મેં મમ્મીને કીધું કે મને પ્રતિક્રમણ પણ નથી ફાવતું એટલે મમ્મીએ કીધુ કે તું નીરુમાને પૂછજે.

નીરુમા : ભઈ મોટો છે ને ! એટલે એની જોડે આપણાથી ઝઘડાં ના કરાય. ઝઘડાં થઈ જાય પછી તરત 'સોરી' કહીને માફી માંગી લેવાની. હે શુદ્ધાત્મા ભગવાન ! હું આપની માફી માંગું છું.

પ્રશ્નકર્તા : પણ એનો વાંક હોય તો મને એમ થાય કે એની માફી કેમ માંગવાની?

નીરુમા : પ્રતિક્રમણમાં કોઈનો વાંક ના જોવાય. સો ટકા આપણો જ વાંક છે એમ કરીને આગળ જવાય. આપણને મહીં ભોગવવાનું આવ્યુંને માટે ભોગવે એની ભૂલ. માટે આપણે પ્રતિક્રમણ કરો એટલે આપણને ફરી ભોગવવાનું નહીં આવે. પછી છૂટી ગયા.

પ્રશ્નકર્તા : પણ છે તો એની જ ભૂલને.


નીરુમા : એની ભૂલ તો એ ભોગવશે. એનું પ્રતિક્રમણ એ કરશે. આપણે આપણું પ્રતિક્રમણ કરો. આ ન્યાય-અન્યાય જોવાય જ નહીં. કોની ભૂલ છે ને કોની નહીં ? આપણને ભોગવવાનું આવ્યું, આપણાથી ઝઘડો થયો, આપણાથી કોઈને દુઃખ થયું, તો આપણે પ્રતિક્રમણ કરી નાખવાનું.



# ચાલો રમીએ...


## ૧

રસ્તો શોધો.



## ૨

નીચે આપેલ ચિત્રમાં કોઈ પણ બે સરખા ચિત્રો શોધી કાઢો.




## ૩

નીચે આપેલ ચિત્રમાં કુલ કેટલા કપ-રકાબી છે તે શોધી કાઢો.



# ક્રીએટીવ રાઈટીંગ સ્પર્ધાનું પરિણામ

મિત્રો,

'ક્રીએટીવ રાઈટીંગ સ્પર્ધા' માં ભાગ લેનાર દરેકને ખૂબ ખૂબ અભિનંદન. વાર્તાઓ ખૂબ સુંદર આવી છે. વિજેતાઓને એમના ઈનામ ઘેર બેઠા જ મળી જશે. આશા છે આવી જ રીતે તમે દરેક સ્પર્ધામાં ભાગ લેતા રહેશો.

બિમાર હાથીની બધા પ્રાણીઓ ખબર કાઢવા આવવા લાગ્યા...

૭ થી ૯ વર્ષ
પહેલું ઈનામ

## Mr. Fatty's Fast

One day in a Greenland forest Mr. Jumpy, the Monkey and Mr. Spotty, the Giraffe came on the bank of the river to drink water. There they met Mr. Fatty, the Elephant who also came to drink water.

To have fun, Mr. Jumpy and Mr. Spotty started teasing Mr. Fatty saying that because of this elephant we did not get sufficient water to drink and food to eat. On hearing this remark, Mr. Fatty got hurt but he kept silence and went away. From that day he stopped drinking water and eating food. Day by Day he became weaker and fell sick. Mr. Lio, the king of Greenland heard about Mr. Fatty's fast and called up all the animals and said that everybody lives and eats according to his own nature. We should not hurt anybody. Mr. Jumpy and Mr. Spotty realized their mistake. All the animals came to find out how the sick elephant was feeling. Mr. Jumpy and Mr. Spotty wholeheartedly requested Mr. Fatty to forgive them and break the fast. After that all the animals lived together happily in Greenland.

Moral – Words are like weapons, so we must be cautious while using it.

Name - Anurag Abhilash Munot.
Age - 7 Years, Ahmednagar 414001

આંખ ખોલી તો હું પરીઓના દેશમાં હતી...



૭ થી ૯ વર્ષ
બીજું ઈનામ

## મારું સ્વપ્ન

બાળમિત્રો, ઉનાળાનું વેકેશન તો શરૂ થઈ ગયું, બરાબરને ! હવે રમવા ફરવા જવાની તમને બધાને ખૂબ મજા આવશે. મારે પણ વેકેશન પડ્યું એટલે મારી ફ્રેન્ડ મારી ઘેર રોકાવા આવી. અમે ખૂબ જ રમ્યા. અને અમે ફરવા પણ ગયા હતા. રાત્રે જમી અને વાર્તાની બુક વાંચી સૂઈ ગયા. અને મને સપનું આવ્યું.

સપનામાં મેં આંખ ખોલી તો હું પરીઓના દેશમાં હતી.

હું સરસ મજાના મહેલમાં ફરવા લાગી. ત્યાં થોડી પરીઓ આવી મારી સાથે રમવા લાગી. તે મને જોઈને ખૂબ જ ખુશ થતી હતી. તે મારો હાથ પકડીને તેના સુંદર બગીચામાં લઈ ગઈ. ત્યાં રંગબેરંગી ફૂલો હતા. ત્યાં ઝાડ પર બાંધેલો ઝૂલો હતો. ત્યાં અમે હીંચકા ખાધા. અને અમે બધા ખૂબ જ હસતા હતા. ત્યાં અવનવા પક્ષીઓ પણ હતો. રંગબેરંગી ચકલીઓ ચીં... ચીં... કરી આખા બગીચાની શોભા વધારતી હતી. ખૂબ જ સરસ દ્રશ્ય ચાલી રહ્યું હતું.

ત્યાં મારા મમ્મીએ દરવાજો ખોલ્યો અને અવાજથી મારી નીંદર ઊડી ગઈ. અને હું જાગી ગઈ. ત્યાં જ મારું સ્વપ્ન પૂરું થઈ ગયું. "વાહ ! આ સ્વપ્ન તો કેટલું સુંદર હતું. આ સ્વપ્ન તો મને ક્યારેય નહીં ભૂલાય."

નામ:- લાઠીગરા અવિતા મનીષભાઈ
ઉંમર:- ૯, રાજકોટ

ત્યાર પછી પેટુ ટેડકાએ જરૂર કરતા વધારે ખાવાની ટેવ છોડી દીધી...

**૧૦ થી ૧૨ વર્ષ**
**પહેલું ઈનામ**

# The Last Laugh

It was a gloomy afternoon, but we were enjoying playing a soccer match in school. It had rained like cats and dogs the previous night and our pitch was water logged.

I lobbed the ball over my marker and my team-mate Preet took possession. He was dribbling the ball and in a split second – "splosh", "thud"! The next thing I saw was Preet had landed face first in a mucky puddle as he had been slide tackled by Anuj.

I dashed towards him, but when I saw him getting up, I stopped dead in my tracks. His upper body was dripping with mud and even his face was covered with it. He looked like an ugly, chocolatey brown monster! It was such an amusing site that I burst out laughing… and my stomach was hurting because of laughing so much.

After a few days, my friend Suraj came up to me and informed me that he had seen a huge frog in the school swimming pool. As I was curious to see the frog, I rushed towards the pool area. In my excitement, I tripped over a hose pipe and plunged into the pool with my school uniform still on.

In a flash I recollected the incident when Preet had landed in the puddle. I realized that such mishaps could happen to anybody and I should have really been more considerate and should have gone to assist him instead of mocking him.

Name: Rushil B Malde
Age: 10 Years, Nairobi

## ૧૦ થી ૧૨ વર્ષ
## બીજું ઈનામ

## ત્યાર પછી પેટુ દેડકાએ જરૂર કરતા વધારે ખાવાની ટેવ છોડી દીધી...



એક કૂવામાં એક દેડકો હતો. તે બધા જ દેડકાઓથી તંદુરસ્ત અને ચૂસ્ત હતો. કોઈ પણ તેને પૂછે કે તે આટલો તંદુરસ્ત અને ચૂસ્ત કેમ છે તો તે બધાને એમ કહેતો કે હું તો ખૂબ ખાઉં છું. એટલે મને જૂઓ હું કેટલો તંદુરસ્ત છું. તે બધાને વધુ ખાવાની સલાહ આપતો. દિવસે દિવસે તેનું પેટ ફૂલાતુ ગયું અને બધા જ તેમને પેટુ દેડકો કહીને બોલાવવા લાગ્યા. તેને તે ગમતુ ન હતું. પણ તે ખાધા વગર રહી શકતો નહીં. તેણે ઘણા પ્રયત્નો કર્યા પણ છતાં તેની વધુ ખાવાની આદત છૂટી નહીં. હવે તો તે વધુ કૂદી પણ શકતો નહીં. એક વખત ઉનાળાના સમયમાં ખૂબ તાપ પળવાથી કૂવાનું પાણી સૂકાઈ ગયું અને કૂવામાં પાણી સૂકાઈ જવાથી બધા જ દેડકાઓ આ કૂવામાંથી બહાર નીકળી તળાવના પાણીમાં ચાલ્યા ગયા. પેટું તો કૂદી પણ નહોતો શક્તો વળી તે વધુ ખાવાથી બિમાર પડી ગયો. તેને ખૂબ મુશ્કેલી પડી. ત્યાર પછી પેટુ દેડકાએ જરૂર કરતા વધારે ખાવાની ટેવ છોડી દીધી. અને હવે તો તેને વધુ ખોરાક પણ નહોતો મળતો ત્યાર પછી સમય વિતતો ગયો અને ચોમાસું આવ્યું અને વરસાદના કારણે કૂવો પાણીથી ભરાઈ ગયો બીજા બધા જ દેડકાઓ જે તળાવમાં ગયા હતા તે કૂવામાં પાછા આવ્યા. અને તેઓએ જોયું કે પેટું હવે ચૂસ્ત અને તંદુરસ્ત તો છે પણ હવે તે વધુ ખાતો નથી. તેને સાજો થયેલો જોઈ બધા દેડકાઓ પણ ખુશ થઈ ગયા. અને પેટુ દેડકાને પણ સમજાઈ ગયું કે જરૂરથી વધુ કોઈપણ ચીજ કરવી નહીં.

જોયું મિત્રો જરૂરથી વધુ કરવાનું શું પરિણામ આવે છે !

નામ:- નિરવ આર. તંતી
ઉંમર:- ૧૧, રાજકોટ

## રાજાને ચિંતામાં જોઈને રાણીએ એક યુક્તિ ઘડી...

## ૧૩ થી ૧૫ વર્ષ
## પહેલું ઈનામ

## Good Company Or Bad Company?

Once there was a happy royal family in the small island of Null. The king and queen were loved by all their subjects... How happy they were... They had one and only son, who was a genius. He too was a man of determination. But trouble aroused when their son, Prince Ram got into a bad friendship. His parents tried to turn him many times but their effort was in vein. The prince would reply "Actually, I don't want their company but I can't leave it." Being their only son, the parents did not force him much... Seeing the king worried, the queen planned a trick... She asked the king to make the prince come to the durbar the next day. She also told her plan, which hoping to work fine, the king agreed. On the other hand the spoilt prince had started intake of wine and addiction to opium. It was so hard for the king to digest that his beloved hope of the kingdom was crashing. His worthless friends were also the same and were making innocent Ram worse. He also spent less time on his subjects of royal work... The next day, the prince got ready to go to the durbar. But when he reached to the durbar, he saw a great disorder. His father, the king stood clinging hugged to a pillar! He had hugged the pillar and kept clinging to it! When prince Ram asked the

Akram Express
June 2011
Year : 3, Issue : 10
Contl. Issue No.: 34

BALVIGNAN

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

reason of this strange conduct, his father replied that "I DON'T WANT TO CLING THIS PILLAR BUT IT DOES NOT LET ME GO!" Just according to the plan, the queen interepted saying "How can the pillar hold and keep you hugged?" "Yes" remarked the prince. Then both, the king and the queen looked at young prince Ram in utmost amazent.He got his message. He told his parents that he did understand... Slowly but surely he did improve. He turned out to be a new leaf. He soon ascended the throne and was loved by all his subjects. He was just ruler and was proud to have such parents.

Name : Sanchit Virani
Rajkot

## ૧૩ થી ૧૫ વર્ષ
## બીજું ઈનામ

## રાજાને ચિંતામાં જોઈને રાણીએ એક યુક્તિ ઘડી...

એક હતુ નગર. ધનનંદ તેનો રાજા. ખૂબ મોટું તેનું રાજ્ય. અને એવો જ મોટો તેનો ખજાનો. એક વાર તેના ખજાનામાં ચોરી થઈ. ચોર દરબારનો જ કોઈક માણસ હતો. પણ પકડાતો ન હતો. તેથી રાજાને ખૂબ ચિંતા થવા લાગી. રાજાને ચિંતામાં જોઈને રાણીએ એક યુક્તિ ઘડી. તેમણે દરબારમાં જાહેર કર્યું કે, "મેં એક મહાત્માને ચોર વિશે પુછ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આવતા સાત દિવસમાં ચોરને માથે એક કાગડો બેસશે. સિપાઈઓ નગરમાં ફરશે અને તેને પકડી લેશે." પેલો ચોર ગભરાયો. તે વિચારવા લાગ્યો. માથે કાગડો બેસશે તો પકડાઈ જઈશ ! બીજે દિવસે પેલો ચોર બહાર નીકળ્યો. તેણે એક હાથમાં લાકડી રાખી હતી. જેથી કાગડો માથે બેસવા આવે તો ઉડાડી શકાય. રાજાના સિપાઈઓએ આ જોયું તેઓ ચોરને પકડીને રાજા પાસે લઈ ગયા. રાજાએ તેને ધમકાવીને કહ્યું, "બોલ તે જ ચોરી કરી છે ને...?" ચોરે ચોરી કબૂલ કરી. અને છૂપાવેલું ધન રાજાને બતાવ્યું.

બોધ :- કોઈ ખરાબ કાર્ય કરીએ તો આપણને સતત તેનો ડર રહ્યા કરે છે. અને ડરને કારણે આપણે એક દિવસ ચોક્કસ પકડાઈ જઈએ છીએ.



નામ:- કવિતા અશ્વિનભાઈ પુજારા
ઉંમર:- ૧૫ વર્ષ, રાજકોટ

અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સુચના

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. AGIA4313 # અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. AGIA4313 ##.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press Amba offset:- Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.